# સાધકોને એની સામે જે મૂર્તિ હોય એમાં ચૈતન્ય દેખાવું જ જોઈએ

વિશ્વેશ્વરની આરતી ઉતારી. ભક્તોએ આનંદિત થઈને ભજનો ગાયાં. એ ક્ષણ મંદિરના ઇતિહાસમાં તથા કાશીના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાઈ.

ત્યાંથી અન્નપૂર્ણા દેવીના મંદિરમાં પણ ગયા. વિશ્વવિદ્યાલયની ઇમારતોની વચમાં બિરલાઓએ બંધાવેલા વિશ્વેશ્વરના વિશાલ મંદિરમાં પણ ગયા. ત્યાં અમૃત શિલામાંથી કોતરેલાં સેંકડો વેદવેદાંતના, ઐતિહાસિક તેમ જ પૌરાણિક ચિત્રોનો ગૂઢાર્થ બાબાએ સ્વયં એમના ભક્તોને સમજાવ્યો.

ત્રીજી એપ્રિલે બાબા કાશીથી પ્રયાગ પહોંચ્યા. ત્યાં એકઠા થયેલા ભક્તવૃંદ પર બાબાએ સ્વહસ્તે સંગમતીર્થ જળ છાંટ્યું. પછી અક્ષયવડ જેનો અત્યંત મહિમા હતો તે ભક્તોને બતાવ્યો.

આમ પુણ્યતીર્થોમાં નવચેતન ભરી આઠમી એપ્રિલે લખનૌથી વિમાનમાં મદ્રાસ ગયા ને તિરૂપતિ ગયા. ત્યાં જઈ ત્યાગરાજ ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું. ત્યાં પણ બાબાએ મૂર્તિની પૂજા, મૂર્તિમાં રહેલાં તેજ, ચૈતન્ય તથા બ્રહ્મતત્વના વિષયમાં ચર્ચા કરતાં કહ્યું, “સાધકોને એની સામે જે મૂર્તિ હોય એમાં ચૈતન્ય દેખાવું જ જોઈએ. સાધકને એ પથ્થર દેખાય તો એટલી સાધના કાચી, આ મૂર્તિ સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે તથા વિશ્વની ચાલક છે, ચૈતન્ય પ્રતીક છે, તથા રૂપક છે, જેને જોઈને એના પોતાનામાં ચૈતન્ય વ્યાપે અને એની પર સત્તા ચલાવે છે, એમ ન થાય તો એ ફક્ત સમયની બરબાદી છે. ઘણા લોકો મૂર્તિપૂજાને એક પ્રકારની ગૂઢ અંધશ્રદ્ધા, પામરો તથા બાળકોને ભોળવવાની તરકીબ માની તેમ જ ત્યાગરાજ, રામકૃષ્ણ પરમહંસ જેવાને ભ્રમમાં પડેલા માણસો માની એમની હાંસી ઉડાવે છે. પરંતુ અનુભવનો સામનો કુતર્કની કુશળતા કરી શકતી નથી.



પુટ્ટપર્તિમાં એક અઠવાડિયું રહીને બાબા નીલગિરિ ગયા. ત્યાંના લોકોએ બાબાનું ભાવયુક્ત સ્વાગત કર્યું, ઉટાકામંડમાં બાબાએ કહ્યું, “તમારી ભક્તિ અને શ્રદ્ધાથી નીલગિરિ એક પુણ્ય ક્ષેત્ર બન્યું છે. તમારાં પેટિયાં માટે તમે આ પહાડોમાં દોડધામ કરીને પરસેવો પાડો છો ને દિવસ રાત મહેનત કરો છો. તો તમારા આત્મોદ્ધાર માટે થોડો સમય આપીને એ ક્ષેત્રની ખેતી પણ તમે શા માટે ન કરો?” બાબા ત્યાંથી દસબાર ગામોમાં ગયા. દરેક સ્થળે એમનું ભવ્ય સ્વાગત થયું, “સાઈશા, સાઈશા શ્રી સદ્‌ગુરુ સત્ય સાઈશા”ના નાદના પડઘા એક પહાડમાંથી બીજા પહાડમાં ગૂંજી ઊઠ્યા. “સર્વ સાઈમયં ઈ જગમના, બાબામયં” (સર્વ સાઈમય છે. આ આખું વિશ્વ બાબામય છે.) એ તેલુગુ સત્યને અમે એ દિવસોમાં નીલગિરિમાં પ્રત્યક્ષ થતું જોયું.

બાબા જ્યારે નિલગિરિમાં હતા ત્યારે બદરીનારાયણની યાત્રાની વ્યવસ્થા કરતા હતા. કાશીવિશ્વેશ્વર પછી બદરીનારાયણ. અમે પ્રશાંતિ નીલયમમાં ગાતા જ હતા કે “શિવજી વિષ્ણુ એક છે રે.”

બદરીનારાયણ વિશે બાબાએ ત્રણ વર્ષ પહેલાં ઉલ્લેખ કર્યો હતો. એમણે કહ્યું હતું કે, “હું જે સ્થાન પર તપશ્ચર્યા કરતો હતો, તે સ્થાન પર તમને લઈ જઈશ.” હું અસમંજસમાં પડી ગયો, “બાબાએ તપશ્ચર્યા ક્યારેય કરી નથી, કરતા નથી, કરે નહિ, એની એમને જરૂર નથી” એમ જાણનારો હું કશું સમજી ન શક્યો. એ વાતને ત્યાંજ છોડી દીધી. એના માથાદુ:ખણામાં હું ન પડ્યો.

બદરીનારાયણની યાત્રા વિશે નક્કી થયું. સાથે જેમને લઈ જવાના હતા તે બધા ભક્તોને પત્રો લખી દીધા. સાતમી જૂને લગભગ ૭૦-૭૫ ભક્તો હૈદ્રાબાદ, રાજમહેન્દ્રી, એલ્લુર, કોઈમ્બતુર, કુર્ગ, નીલગિરિ, મૈસુર આદિ શહેરોમાંથી આવીને મદ્રાસના અલ્વાર પેટના યોગીરાજ મંડપમાં એકઠા થયા. એમને સર્વેને આશીર્વાદ આપી, રેલગાડીમાં દિલ્હી જવાની બાબાએ અનુજ્ઞા આપી. એમણે પોતે વિમાન દ્વારા દિલ્હી પહોંચવાનો નિર્ણય કર્યો.

દિલ્હીમાં બાબા ભક્તોને મળ્યા, તે પૂર્વે વાત્સલ્યભાવથી બાબાએ બધા માટે રહેવાની, ભોજનની બધી વ્યવસ્થા જાતે દેખરેખ રાખીને કરી હતી. દિલ્હીમાં બાબાને લોકોનાં ટોળાંએ રેઢા ન મૂક્યા. એમના નિવાસસ્થાન આગળ હજારો માણસોની ભીડ હર વખત રહેતી હતી. બાબા દર્શન તો બધાને આપતા, પણ જેમણે ખાસ અનુગ્રહ જોઈતા હોય તેમને તેઓ પાસે બોલાવી, મધુર વચનો કહી, વિભૂતિ આપતા.